**સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ માં સુધારા બાબત.**

# પ રિ પ ત્ર.

વાહનવ્યવહાર કમિશનરશ્રીની કચેરી,
બ્લોક નં.-૬, ૨/૩ માળ,ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર, ગુજરાત રાજય,ગાંધીનગર.
પરિપત્ર ક્રમાંક :એમવીપી/એમવીપી/સીએમવીઆર/સુધારા/ ૨૨૧૯
તારીખ 30 MAR 2019

સંદર્ભઃ-(૧) કેન્દ્ર સરકારના મિનિસ્ટ્રી ઓફ રોડ ટ્રાન્સપોર્ટ એન્ડ હાઈવેઝનો પત્ર ક્રમાંક-આરટી ૧૧૦૩૬-૦૨-૨૦૧૩-એમવીએલ, તા.૮-૧૧-૨૦૧૮.
(૨) આરટી-૧૧૦૨૮-૧૫-૨૦૧૭-એમવીએલ, તા.૧૯-૧૧-૨૦૧૮.
(૩) ભારત સરકારનો તા.૧૯-૧૧-૧૮ નો પત્ર.
(૪) ભારત સરકારનો તા.૮-૧૧-૧૮ નો પત્ર.
(૫) અત્રેનો પત્ર નં.એમવીપી-સીએમવીઆર-નિયમ-૪૭-૮૫૬૬, તા.૧૭-૧૨-૧૮.

ઉપરોકત વિષયના અનુસંધાને જણાવવાનું કે, સંદર્ભમાં દર્શાવેલ પત્ર નં.૧ અને ૨ થી નોટીફીકેશન નં.જીએસઆર-૩૬૮ (ઈ) તા.૧૩-૪-૧૮ તથા જીએસઆર-૧૦૮૧ (ઈ) તા.૨-૧૧-૨૦૧૮ ની નકલ મોકલી આપવામાં આવેલ છે. આ બંને નોટીફીકેશનોની નકલો આ સાથે બીડાણ-૧ અને ૨ થી સામેલ છે.

૧. નોટીફીકેશન નં.જીએસઆર ૩૬૮(ઈ) તા.૧૩-૪-૧૮ થી સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ ૪૭ અને ૧૨૬ માં સુધારા કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

## ૧.૧. નિયમ-૪૭ - વાહનની નોંધણી.

(એ) પેટા નિયમ (૧) ના કલોઝ (જી) માં શબ્દો, આંકડા અને અક્ષરો "બોડીબિલ્ડર્સ ધ્વારા ફોર્મ ૨૨-એ" ની પછી નીચેના શબ્દો, આંકડા અને અક્ષરો ઉમેરવાના રહેશે.

બસ બોડી સ્ટ્રકટર ફેબ્રીકેટર ધ્વારા ડ્રાઈવ અવે ચેસીસ પર બોડી બાંધવાના કીસ્સામાં સેલ્ફ સર્ટીફીકેશન વખતે ફોર્મ ૨૨-બી માં કોમ્પ્લાયન્સ સર્ટીફીકેટ આપવાનું રહેશે, અને આ ફોર્મ ૨૨-બી રજુ કરવામાં આવે તો ફોર્મ ૨૨-એ રજુ કરવાની જરુરીયાત રહેતી નથી. અર્થાત, બસ બોડી બીલ્ડર ધ્વારા ડ્રાઈવ અવે ચેસીસ ઉપર બસ બોડી બાંધવામાં આવે તો આ બીલ્ડર ધ્વારા જાતે પ્રમાણિત કરેલું પ્રમાણપત્ર ફોર્મ નં."૨૨-બી" ના નમૂનામાં આપવામાં આવે તો તે માન્ય ગણાશે. આવા કીસ્સામાં ફોર્મ નં."૨૨-બી" રજુ થાય તો ફોર્મ નં."૨૨-એ" રજુ કરવાની જરુરીયાત રહેતી નથી.

આ મુદ્દે અત્રેથી અલગથી ક્રમાંક-એમવીપી-સીએમવીઆર-નિયમ-૪૭-૮૫૬૬ તા.૧૭-૧૨-૧૮ થી સર્વેને સૂચના આપવામાં આવી છે. આ પત્રની નકલ બિડાણ-૩ થી સામેલ છે.

(બી) પેટા નિયમ (૪) ની જગ્યાએ નવો પેટા નિયમ (૪) ઉમેરવાનો રહેશે.

" આ પેટા નિયમના અમલના પ્રારંભથી દરેક બસ બોડી બિલ્ડરે જેની ઉપર બોડી બાંધી હોય તેવી ડ્રાઈવ અવે ચેસીસ ઉપર બાંધેલી બસ બોડીની વિગતો **https://www.vahan.nic.in/makemodel** પર અપલોડ કરવાની રહેશે. "

## ૧.૨. નિયમ-૧૨૬- મોટર વાહનના પ્રોટોટાઈપની ચકાસણી.

નિયમ ૧૨૬ ના બીજા પરંતુક પછી નીચેનું પરંતુક ઉમેરી નીચે પ્રમાણે જોગવાઈ કરવામાં આવી છે.

બસ બોડી બિલ્ડરે એવું પ્રમાણપત્ર આપવું પડશે કે તેમણે જે ડ્રાઈવ અવે ચેસીસ પર બસ બોડી બનાવેલ છે તે કેન્દ્ર સરકારના સત્તાવાર ગેઝેટથી સૂચિત કરેલા અને સમાયાંતરે સુધારા કરેલ પધ્ધતિ પ્રમાણે એઆઈએસ:૦૫૨ ના બસ બોડી ડીઝાઈન અને માન્યતાના ધોરણો પરિપૂર્ણ કરે છે.

બસ બોડીબિલ્ડરે **xxxx.xxxxxxxxxx** ફોર્મેટમાં **Self Certificate** ને એક અનન્ય ઓળખ નંબર આપવાનો રહેશે. જેમાં પ્રથમ ચાર અક્ષરો બોડીબિલ્ડરના ઓળખકોડને રજુ કરે છે. ત્યારબાદ ફેબ્રીકેશનના વર્ષને સૂચવતા ચાર અંક અને ત્યારબાદ બોડી બાંધવામાં આવી હોય તે વર્ષના બોડી બાંધવાના સીરીયલ નંબર દર્શાવવાના રહેશે.

૧.૩. મુખ્ય નિયમમાં ફોર્મ ૨૨-એ પછી ફોર્મ-૨૨-બી ઉમેરવામાં આવેલ છે. જેનો નમૂનો આ સાથે સામેલ છે. (બીડાણ-૪)

૨. નોટીફીકેશન નં.જીએસઆર ૧૦૮૧(ઈ), તા.૨-૧૧-૨૦૧૮ થી સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ, ૧૯૮૯ ના નિયમ ૬૨,૯૦,૧૩૮ અને ૧૩૯ માં સુધારા કરવામાં આવેલ છે જે નીચે મુજબ છે.

## ૨.૧. નિયમ-૬૨(૧) - ફીટનેશ સર્ટીફીકેટ બાબત.

(એ) કલોઝ(બી) ની જગ્યાએ નીચેનો કલોઝ (બી) લખવામાં આવે છે.

"(b) ટ્રાન્સપોર્ટ વાહનોના કીસ્સામાં ફીટનેશ સર્ટીફીકેટ રીન્યુઅલ — આઠ વર્ષ જુના વાહનો માટે બે વર્ષ અને ૮ વર્ષથી વધુ જુના વાહનો માટે એક વર્ષ. "

(ii) કલોઝ(સી અને (ડી) રદ કરવામાં આવે છે.

(iii) પ્રોવિઝોમાં ટેબલના સી.નં.૧૭ પછી નીચેની એન્ટ્રી ઉમેરવામાં આવે છે.

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| (૧૮) | **Fastag** | **Yes** | **No** | **Yes** | **No** | **No** | વાહન ચલાવનારના સામેના કાચ પર લગાડવાનું રહેશે. |

(iV) ચોથા પરંતુકમાં **Explanation** પછી નીચેનો પરંતુક ઉમેરવામાં આવે છે.

" પરંતુ નવા ટ્રાન્સપોર્ટ વાહનને સંપૂર્ણપણે બિલ્ટ વ્હીકલ તરીકેના વેચાણ વખતે રજીસ્ટ્રેશન વખતે ફીટનેશ સર્ટીફીકેટની જરુરીયાત રહેતી નથી અને સદર વાહન રજીસ્ટ્રેશન તારીખથી બે વર્ષના સમય માટે ફીટનેસ સર્ટીફીકેટ ધરાવે છે તેમ માનવામાં આવશે."

ભારત સરકારના જીએસઆર ૧૦૮૧ (ઇ), તા.૨-૧૧-૧૮ થી સંબંધીત નિયમ ૬૨ માં કરવામાં આવેલ ઉપરોકત સુધારાથી હવે ફીટનેશ સર્ટીફીકેટ માટે નીચે પ્રમાણેની સ્થિતિ પ્રવર્તે છે.

(૧) **Fully built** વ્હીકલ તરીકે રજીસ્ટ્રેશન થતુ હોય તેવા ટ્રાન્સપોર્ટ વાહનમાં રજીસ્ટ્રેશન વખતે ફીટનેશ સર્ટીફીકેટની જરુર નથી. આવું વાહન રજીસ્ટ્રેશન તારીખથી બે વર્ષ માટે ફીટનેશ સર્ટીફીકેટ ધરાવતું હોવાનું માની લેવાનું રહેશે.

(૨) જે ટ્રાન્સપોર્ટ વાહનમાં ચેસીસ પર બોડી બાંધવામાં આવી હોય તેમાં રજીસ્ટ્રેશન વખતે ફીટનેશ સર્ટીફીકેટ લેવાની જોગવાઇ યથાવત રહે છે.

(૩) અગાઉ દરેક ટ્રાન્સપોર્ટ વાહન માટે રજીસ્ટ્રેશન તારીખથી બે વર્ષ બાદ પ્રતિવર્ષ ફીટનેશ સર્ટીફીકેટ લેવાનું રહેતુ હતું. પરંતુ આ સુધારાથી હવે રજીસ્ટ્રેશન તારીખથી ગણતાં આઠ વર્ષથી જુના વાહનમાં જ પ્રતિવર્ષ ફીટનેશ સર્ટીફીકેટ રીન્યુ કરવાનું રહે છે. જે વાહન આઠ વર્ષથી ઓછુ જુનુ હોય તેમાં હવે દર બે વર્ષે ફીટનેશ સર્ટીફીકેટ રીન્યુ કરવાનું રહે છે.

(૪) ટુરીસ્ટ પરમીટ ધરાવતા ટ્રાન્સપોર્ટ વ્હીકલમાં દર વર્ષે ફીટનેશ સર્ટીફીકેટ રીન્યુ કરાવવાનું રહેતુ હતું પરંતુ તેમાં હવે ઉપર જણાવ્યા પ્રમાણેની જોગવાઇઓ લાગુ પડશે.

(૫) ઈમ્પોર્ટેડ વાહનના કીસ્સામાં પણ ઉપર પ્રમાણેની જોગવાઇઓ લાગુ પડશે.

(૬) આ સુધારાથી ફીટનેશ વખતે ચકાસવાની બાબતમાં **Fastag** નો ઉમેરો કરવામાં આવ્યો છે. આ **Fastag** વાહનના આગળના વીન્ડસ્કીન પર લગાડેલી હોવી જોઈશે. તેમાં **Fastag** નું ફીટમેન્ટ ચકાસવાનું છે. અને તે ચાલુ સ્થિતિમાં છે કે કેમ તે પણ ચકાસવાનું રહે છે.

<u>નોંધ</u> :- "ટ્રાન્સપોર્ટ વાહન" ની વ્યાખ્યા મોટર વ્હીકલ્સ એકટ,૧૯૮૮ ની કલમ-૨(૪૭) માં આપવામાં આવી છે. આ વ્યાખ્યા અનુસાર પબ્લીક સર્વીસ વ્હીકલ (મુસાફરોને ભાડેથી અથવા બદલાથી લઇ જતુ વાહન જેમાં મેક્ષીકેબ, ટેક્ષીકેબ, કોન્ટ્રેકટ કેરેજ, અને સ્ટેજ કેરેજનો સમાવેશ થાય છે.) માલ વાહક વાહન અને પ્રાઈવેટ સર્વીસ વ્હીકલ તથા સ્કુલ બસનો સમાવેશ થાય છે.

## ૩ <u>નિયમ-૯૦ :- નેશનલ પરમીટ માટેની વધારાની શરતો.</u>

કેન્દ્ર સરકારે નિયમ-૯૦ ની જગ્યાએ નીચે પ્રમાણે નિયમ-૯૦ ઠરાવેલ છે.

"મોટર વાહન અધિનિયમ,૧૯૮૮ ની કલમ-૮૮ (૧૨) હેઠળ કેન્દ્ર સરકારે નિયમ-૯૦ ની જગ્યાએ નીચે દર્શાવેલ વધારાની શરતોને આધિન નેશનલ પરમીટ ઈસ્યુ કરવામાં આવશે."

(એ) વાહનની આગળ અને પાછળની બાજુએ " **National Permit** અથવા **N/P** " ધાટા અક્ષરોમાં ચીતરવાનું રહેશે ટ્રેઇલરના કીસ્સામાં **N/P** વાહનની પાછળ અને ડાબી બાજુએ ચીતરવાનું રહેશે.

(બી) ભયજનક અથવા જોખમકારક માલની હેરફેર કરતા ટેન્કરોની બોડી સફેદ રંગની રહેશે અને નિયમ-૧૩૭ માં દર્શાવેલ કલાસ લેબલ ટેન્કરની પાછળ અને બંને બાજુએ પ્રદર્શિત કરવાનો રહેશે. (નિયમ-૧૩૭ માં દર્શાવેલા કલાસ લેબલ આ સાથે સંદર્ભ અર્થે સામેલ છે.) (બીડાણ-૫)

(સી) તા.૧-૧૦-૨૦૧૯ પહેલા સેન્ટ્રલ મોટર વ્હીકલ્સ રુલ્સ,૧૯૮૯ ના નિયમ-૧૩૭ માં નિર્દિષ્ટ **Fastag** વાહનમાં ફીટ કરવાનું રહેશે.

(ડી) નિયમ-૧૦૪ માં દર્શાવ્યા પ્રમાણે વાહનની આગળ અને પાછળ રીફલેકટીવ ટેપ લગાડવાની રહેશે.

(ઇ) એઆઇએસ ૧૪૦ પ્રમાણે વાહનમાં વ્હીકલ ટ્રેકીંગ સીસ્ટમ ડીવાઇસ લગાડવાનું રહેશે.

(એફ) જો કોઇ રાજય ધ્વારા પ્રતિબંધિત કરવામાં આવે તો તે રાજયના બે પોઇન્ટ વચ્ચે વાહન માંથી માલ ઉતારી શકાશે નહી કે લઇ શકાશે નહીં. અર્થાત વાહનનું પરિવહન બે પોઇન્ટ વચ્ચે કરી શકાશે નહીં.

નોંધનીય છે કે, અગાઉના નિયમમાં એન.પી. વાળા વાહન માટે ચોકકસ પ્રકારના રંગની જોગવાઇ હતી , જે હવે નીકળી ગઇ છે.

## ૪. <u>નિયમ-૧૩૮(બી)-મોટર વાહનની સલામતી માટે વધારાના પગલાં.</u>

નિયમ ૧૩૮-એ પછી નિયમ-૧૩૮ બી ઉમેરવામાં આવે છે.

૧૩૮-બી- માલનું પરિવહન બંધ બોડી ધરાવતા માલ વાહક વાહનોમાં અથવા કન્ટેનરમાંજ કરવાનો રહેશે.

જો માલ ઓપન બોડી ધરાવતા વાહનમાં લઇ જવાની જરુર ઉભી થાય તો માલને તાડપુલીન (તાડપત્રી) અથવા બીજા યોગ્ય પદાર્થથી બનાવેલ આવરણથી ઢાંકેલ હોવું જોઇશે.

જો માલ અવિભાજય સ્વરૂપનો હોય અને બંધ બોડી ધરાવતા વાહન કે ઉપર દર્શાવેલ રીતે ઢાંકી શકાય શકાય તેમ ન હોય તો ઢાંકયા વગર લઇ જઇ શકાશે.

## ૫. <u>નિયમ-૧૩૯- (વાહનના દસ્તાવેજો રજુ કરવા કરવા).</u>

(i) વાહનના ડ્રાઇવર અથવા કન્ડકટરે સર્ટીફીકેટ બતાવવાનું રહેશે આ શબ્દો પછી ફીઝીકલ અથવા ઇલેકટ્રોનીક ફોર્મમાં) શબ્દો ઉમેરવાના રહેશે.

(ii) રજીસ્ટ્રેશન, ઇન્સ્યોરન્સ, ફીટનેસ, પરમીટ, ડ્રાઇવીંગ લાયસન્સ પછી પોલ્યુશન અન્ડર ચેક સર્ટીફીકેટ ઉમેરવાનું રહેશે.

આ નિયમના વધુ સ્પષ્ટીકરણ માટે ભારત સરકારે તા.૧૯-૧૧-૧૮ થી અલગથી સૂચના પણ આપી છે. જે અલગથી આ સાથે સામેલ છે. (બીડાણ-૬) આ સૂચના મુજબ કોઇપણ નાગરિક પાસે ગણવેશમાં હોય તેવા પોલીસ અધિકારી અથવા રાજય સરકારે ચેકીંગ માટે અધિકૃત કરેલા હોય તેવા

અધિકારી ધ્વારા માંગવામાં આવે ત્યારે તે નાગરિક વાહન સંબંધીત દસ્તાવેજો જેવા કે રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ, વીમો, ફીટનેશ, પરમીટ, પીયુસી સર્ટીફીકેટ ભૌતિક સ્વરૂપમાં અથવા ઈલેકટ્રોનીક સ્વરૂપમાં રજુ કરી શકે છે. આ નિયમથી ડીજીટલ પ્લેટફોર્મના ઉપયોગથી નાગરિકોને સવલત આપવામાં આવી છે. આ નિયમની અમલવારી સુનિશ્ચિત કરવા જણાવવામાં આવે છે.

આ સાથે સદર જાહેરનામાની અંગ્રેજીમાં નકલ મોકલી આપવામાં આવે છે જેથી કોઈ વિસંગતતા જણાય તો જાહેરનામા મુજબ કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

<u>બિડાણઃ</u>-ઉપર મુજબ.

નોંધ પર માન.કમિશનરશ્રીની મંજુરી મુજબ.

ખાસ ફરજ પરના અધિકારી,
વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજય,ગાંધીનગર.

- પ્રતિ, અમલ અર્થે..
  પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તમામ.
  સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી તમામ.

- પ્રતિ, જાણ અર્થે
- અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન, ૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર પાસે, શાહીબાગ રોડ, અમદાવાદ.
- ગુજરાત રાજય ઓટોરીક્ષા ચાલક સંઘ, ૨, ભગવતી ચેમ્બર્સ, તાસ્કંદ સોસાયટીની બાજુમાં ભુદરપુરા રોડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.
- અખિલ ગુજરાત પ્રવાસી વાહન સંચાલક મંડળ, ૩૧૨, ઓનીક્ષ-૨, નવચેતન સ્કુલ પાસે, પાલડી, અમદાવાદ-૦૭.
- ગુજરાત લકઝરી કેબ એસોસીએશન, એ-૯૦૧, હેમકુટ કોમ્પલેક્ષ, સન્યાસ આશ્રમ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ.

આપના તમામ સભ્યોને જાણ કરવા વિનંતી છે.

<u>નકલ સવિનય રવાના</u> :- પ્રતિ

નાયબ સચિવશ્રી, બંદરો અને વાહનવ્યવહાર વિભાગ, નવમો માળ, બ્લોક નં.-૨, સચિવાલય, ગાંધીનગર-જાણ સારૂં.

:પુરબિયા:૫૬:૧૧૬-૧૨૦: